**નવસારીકૃષિ યુનિવર્સિટી**
**ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ,**
**અઠવા ફાર્મ, ઘોડદોડ રોડ,સુરત.**
**દક્ષિણ ભારતમાં શૈક્ષણિક પ્રવાસ ૨૦૧૫–૧૬ માટેની ખાનગી ટ્રાવેલ્સની ભાડાની બસ માટેની શરતો**

૧. ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટનો શૈક્ષણિક પ્રવાસ દક્ષિણ ભારતમાં તા. ૦૫/૦૧/૨૦૧૬ થી ૨૫/૦૧/૨૦૧૬ દરમ્યાન રહેશે.

૨. ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટનો શૈક્ષણિક પ્રવાસ તા. ૦૫/૦૧/૨૦૧૬ ને મંગળવારના રોજ મળસ્કે ૧:૦૦ કલાકે શરૂ થશે તે મુજબ નકકી કરેલ બસ (બાયોટેક શાખા માટે ૪૦ કે તેથી વધુ સીટની કેપેસીટીવાળી ૩ × ૨ પુશબેક એક બસ વર્ષ ૨૦૧૨ કે પછી ની પાસીંગ વાળી) વાહન ચાલક સહિત ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયૂટ, ઘોડ દોડ રોડ અઠવા ફાર્મ, સુરત ખાતે સ્થળ પર તા. ૦૪/૦૧/૨૦૧૬ ના રોજ રાત્રે ૮:૦૦ કલાકે અચુક હાજર થઈ જવાનું રહેશે.

૩. શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમમાં ફેરફાર કરવાની સત્તા આચાર્યશ્રી સાથે પરામર્શ કર્યા બાદ ટુર લીડરની રહેશે.

૪. જરૂરી જણાય ત્યાં ટુર લીડરની સુચના મુજબ રાત્રી દરમ્યાન પ્રવાસ કરવાનો રહેશે.

૫. મુસાફરી દરમ્યાન મુશ્કેલી ન પડે તે માટે બસ લેટેસ્ટ મોડેલની સારામાં સારી કંડીશનવાળી, આરામદાયક સીટવારી, બે હાર વચ્ચે યોગ્ય જગ્યા ધરાવતી સીટો તેમજ બારીના પડદા સારી હાલતમાં હોવા જરૂરી છે. બારીના ગ્લાસ તુટેલ ના હોવા જોઈએ.

૬. દક્ષિણ ભારતના રસ્તાના જાણકાર તેમજ પર્વતીય રસ્તાના હિલી ડ્રાયવીંગ ના અનુભવી બસ ડ્રાયવર બેઝ લાયસન્સ ધરાવતા બે ડ્રાયવરો બસમાં કલીનર સાથે ફાળવવામાં રહેશે.

૭. મુસાફરી દરમ્યાન બસ બગડી જાય તો તાત્કાલીક સ્વખર્ચે રીપેરીંગ કરી આગળનો પ્રવાસ પૂર્ણ કરવાનો રહેશે.

૮. ડ્રાયવર–કલીનરને અમારી સંસ્થા તરફથી રહેવા–જમાવા કે અન્ય કોઈ ખર્ચ કે વ્યવસ્થા આપવામાં આવશે નહી.

૯. આ પ્રવાસમાં લગેજ ઢાંકવા માટે તાડપત્રી અથવા લગેજ બગડે નહી તેની વ્યવસ્થા ટ્રાવેલ એજન્ટે કરવાની રહેશે.

૧૦. તમામ શરતો માન્ય હશે તો પ્રથમ ૫૦% નાંણા એડવાન્સ આપવામાં આવશે ત્યાર પછી પ્રવાસ દરમ્યાન વચ્ચે ૨૫% નાંણા ટ્રાવેલસ કંપની સાથે પરામર્શ કર્યા બાદ અને બાકી ૨૫% ટકા નાંણા પ્રવાસ પૂર્ણ થયે થી ચૂકવવામાં આવશે.

૧૧. સમગ્ર પ્રવાસ દરમ્યાન ગાડી પાર્કિંગ, રોડ ટેક્ષ, ટોલ ટેક્ષ, પુલ ટેક્ષ, સર્વિસ ટેક્ષ, એંટ્રી ટેક્ષ, પોલીસ એંટ્રી, પરમીટ ચાર્જ, બળતણ ખર્ચ અને રીપેરીંગ ખર્ચ તથા અન્ય વેરા ટ્રાવેલ કંપનીએ ચુકવવાના રહેશે. આર.ટી.ઓ. પોલીસ દ્વારા પાર્કિંગ ને લગતા અથવા અન્ય કારણોસર દંડ કરવામાં આવે તો તેની રકમ સ્થળ પર જ ડ્રાયવરે ભરવાનીજ રહેશે જે ટ્રાવેલસ કંપનીને ભોગવવાનો રહેશે .

૧૨. વિધાર્થી તથા સ્ટાફ (દક્ષિણ ભારત માટે વિધાર્થી ૩૮+ સ્ટાફ ૨ સાથે = કુલ ૪૦) નું લીસ્ટ આર.ટી.ઓ. પાસે જે તે ટ્રાવેલ કંપનીએ પોતાના ખર્ચે પાસ કરવાનું રહેશે.

૧૩. સદરહું ૨૧ દિવસના શૈક્ષણિક પ્રવાસમાં આશરે ૭૦૦૦ કિ.મી. અંતર થવાની શકયતા છે.

૧૪. નાણાંની ચૂકવણી ખરેખર પ્રવાસ થયેલ કિ.મી. પ્રમાણે જ ચૂકવવામાં આવશે. કોઈપણ સંજોગોમાં પ્રવાસના કિ.મી થી વધુ નાણાં ચૂકવવામાં આવેશે નહિ. કિ.મી. ની ગણતરી ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયૂટ, સુરતથી બસ ઉપડે ત્યારથી પરત બસ ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ, સુરત પહોંચેં ત્યાં સુધીની જ કરવામાં આવશે.

૧૫. બીલની કુલ રકમમાંથી ટી.ડી.એસ ઈન્કમટેક્ષના નિયમો પ્રમાણે કાપવામાં આવશે.

૧૬. પ્રવાસની શરૂઆત કરતાં પહેલા જે તે બસની આર.સી.બુક, ઈન્સ્યોરંસ લેટર, પી.યુ.સી.ની કોપી, વાહન ચાલકના ડ્રાઈવીંગ લાઈસન્સની કોપી તથા બેજ નંબરની વિગત કચેરીમાં રજૂ કરવાની રહેશે.

૧૭. બસમાં ટી.વી.,ડી.વી.ડી પ્લેયર ચાલુ હાલતમાં જરૂરી છે.

૧૮. વાહન ચાલકનો વ્યવહાર ટુર લીડર તથા વિદ્યાર્થી સાથે સુમેળભર્યો હોવો જરૂરી છે.

૧૯. વાહન ચાલક તથા કલીનર કોઈ પણ જાતના માદક દ્રવ્યોના વ્યસનથી મુકત હોવા જરૂરી છે.

૨૦. જે બસ મુસાફરી માટે ભાડે આપવાની થાય તેનું ફીઝીકલ વેરીફીકેશન કરાવવું જરૂરી છે.

૨૧. જે તે બસનું ફીટનેશ સર્ટીફીકેટ હોવું જરૂરી છે.

૨૨. ફાયર સેફટી સાધન તથા ફસ્ટ એડ બોક્ષ બસમાં હોવા જરૂરી છે.

૨૩. કોઈપણ પ્રકારના મતભેદો / તકરારના નિવારણ માટે સુરતની જુડીશીયલની હદ માન્ય રાખવાની રહેશે.

૨૪. આપનું ભાવપત્રક મંજુર થયે સ્વખર્ચે રૂ.૧૦૦/– ના ભારતીય નોન જુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર ઉપરોકત તમામ શરતો માન્ય અને કબૂલ છે તેમ દર્શાવતું કરારનામું કચેરીમાં રજુ કરવાનું રહેશે.

**સંપર્ક નંબરઃ**

૧. ડૉ. હેતલકુમાર પંચાલ, મો. ૭૬૦૦૦૭૦૯૮૩
૨. ડૉ. હરસુર જાજડા, મો. ૮૧૨૮૬૯૯૧૭૧

સહિઃ– ..................................................

ટ્રાવેલ્સનું નામઃ– ..................................................

સરનામુંઃ– ..................................................

ફોન નંબરઃ– ..................................................

આચાર્ય
ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ
ન.કૃ.યુ, સુરત.